ગાંધીનગર સમાચાર

પંચાયત-કલેક્ટર કચેરીમાં તમાકુ વિરોધી રેડ : ૩ હજારના દંડની વસુલાત




પાટનગરમાં બેંક હડતાલ - શહેરમાં મંગળવારે સરકારી બેંકો બંધ રહેતા આર્થિક વ્યવહારો ખોરવાઈ જવા પામ્યા હતા... બેંક ક્લીયરીંગ ઠપ રહેતા વેપારી એકમોને ભારે નુકસાન ભોગવવું પડ્યું હતું... રાષ્ટ્રવ્યાપી બેંક કર્મચારીઓની હડતાલથી ઘ-૪ થી ઘ-૫નો માર્ગ પણ સુમસામ જણાતો હતો...

# વિનિમય કચેરીના ચોપડે માત્ર ૧૯૫૪૫ બેરોજગારો

## બે વર્ષમાં માત્ર ૧૫૭૩ને સરકારી નોકરી

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગર જિલ્લામાં કેટલા બેરોજગારો નોંધાયા છે ? આ અંગે વિધાનસભામાં આણંદના ધારાસભ્ય કમરશી પટેલે પ્રશ્ન રજુ કર્યો હતો. જેના જવાબમાં શ્રમ અને રોજગાર મંત્રીએ જણાંવ્યુ હતુ કે ગાંધીનગર જિલ્લામાં રોજગાર વિનિમય કચેરીમાં વર્ષ ૨૦૧૬ ની અંતિમ સ્થિતિએ ૧૯૫૪૫ બેરોજગારો નોંધાયા છે. જયારે આ પૈકી કેટલાને સરકારી નોકરી આપવામાં આવી તેના પેટા પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાંવ્યુ હતુ કે વર્ષ ૨૦૧૫ દરમિયાન ૩૪૯ અને વર્ષ ૨૦૧૬ દરમિયાન ૧૨૨૪ બેરોજગારોને સરકારી નોકરી આપવામાં આવી છે. છેલ્લા બે વર્ષમાં વિનિમય કચેરીમાં નોંધાયેલા ઉમેદવારો પૈકી ૧૫૭૩ બેરોજગારોને સરકારી નોકરી આપવામાં



### વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

આવી છે.

**જિલ્લામાં ૧૧૯ આંગણવાડીને પોતાનુ મકાન નથી**

ગાંધીનગર જિલ્લામાં આંગણવાડી કેટલી છે ? અને ભાડાના મકાનમાં કેટલી આંગણવાડી ચાલે છે તે અંગે વિસનગરના ધારાસભ્ય ઋષિકેશ પટેલે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં મહીલા બાળ કલ્યાણ મંત્રીએ ઉત્તરમાં જણાંવ્યુ હતુ કે ગાંધીનગર જિલ્લામાં ચારેય તાલુકામાં કુલ ૧૦૬૮ આંગણવાડી છે. જયારે આ પૈકી ગાંધીનગર તાલુકામાં ૩૨૮ ,દહેગામ તાલુકામાં ૨૬૦ ,કલોલ તાલુકામાં ૩૦૫ અને માણસા તાલુકામાં ૧૭૫ આંગણવાડી છે. જયારે આ પૈકી જિલ્લામાં ૧૧૯ આંગણવાડી ભાડના મકાનમાં ચાલે છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૧૦ ,દહેગામ તાલુકામાં ૨૧, કલોલમાં ૭૪ અને માણસા તાલુકામાં ૧૪ આંગણવાડી ભાડાના મકાનમાં કાર્યરત છે. જયારે આંગણવાડીને પોતાના મકાનો બનાવાના પેટ પ્રશ્નના ઉત્તરમાં સત્વરે મકાનો બનાવી આપવામાં આવશે તેમ પણ જણાંવાયુ છે.

**જિલ્લાના કન્યા ૯ કન્યા છાત્રાલયોમાં ૪૩૯ કન્યાઓ દાખલ**

ગાંધીનગર જિલ્લામાં અનુસુચિતજાતિના ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો પૈકી કન્યા છાત્રાલય કેટલા છે. તે અંગે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલે પ્રશ્ન રજુ કર્યો હતો જેના જવાબમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીએ જણાંવ્યુ હતુ કે ગ્રાન્ટેડ ઈન છાત્રાલયો પૈકી ૯ કન્યા છાત્રાલય છે. જયારે આ પૈકી ગાંધીનગર તાલુકામાં ૫ , કલોલમાં ૨,દહેગામમાં એક પણ નહીં અને માણસા તાલુકામાં ૨ કન્યા છાત્રાલયનો સમાવેશ થાય છે. જયારે વર્ષ ૨૦૧૬ -૧૭ દરમિયાન આ છાત્રાલયોમાં ૪૩૯ કન્યાઓને પ્રવેશ આપવામાં આવ્યો છે.

**શ્રમ કાયદાનો ભંગ કરતા એકમો સામે ૧૭૪ કોર્ટ કેસ**

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન શ્રમ કાયદાઓના

● અનુસંધાન પાન-૭ પર

# ગુડા રાયસણ અને કુડાસણ વિસ્તારમાં નવા આવાસો બાંધશે

## ફોર્મ ભરવાની મુદત હવે ૧૬ માર્ચ સુધી લંબાવાઈ : ગુડા દ્વારા આર્થિક રીતે નબળા પરિવારો માટે પણ નવી આવાસ યોજનાની ટુંકમાં જાહેરાત કરાશે

ગાંધીનગર તા ૨૮

ગુડા દ્વારા રાયસણ અને કુડાસણ ખાતે નવી આવાસ યોજના તૈયાર કરવામાં આવશે. મધ્યમ આવક ધરાવતા પરિવારજનો માટે કુડાસણ અને ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે રાયસણમાં નવા આવાસો બાંધવામાં આવશે. જયારે ટુંક સમયમાં આર્થિક રીતે નબળા વર્ગના પરિવારો માટે પણ નવી આવાસ યોજનાની જાહેરાત કરવામાં આવશે. કુડાસણ અને રાયસણની આ આવાસ યોજના માટે આમ નાગરિકોની રજુઆતને ધ્યાને લઈ ફોર્મ ભરવાની મુદત પણ આગામી તા ૧૬ માર્ચ સુધી લંબાવી દેવામાં આવી છે.

ગુડા દ્વારા અગાઉ રાયસણ ,ચિલોડા અને અડાલજમાં ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે આવાસો તૈયાર કરવામાં આવ્યા હતા. જયારે અંદાજિત ૧૧૪૦ જેટલા મકાનો લાભાર્થીઓને ફાળવી દેવાયા છે. જયારે આમ નાગરિકોને માથે છત મળી રહે તે માટે ગુડા દ્વારા નવી આવાસ યોજના તૈયાર કરવાની જાહેરાત પણ સ્થાપના દિવસની ઉજવણીના ઉપલક્ષ્યમાં કરવામાં આવી છે. અલબત્ત ગુડા દ્વારા રાયસણ અને કુડાસણ વિસ્તારમાં એમ આઈ જી અને એલ આઈ જી આવાસ યોજના તૈયાર કરવાનો નિર્ણય લેવાયો છે. હાલ આ મામલે ફોર્મ ભરવાની પ્રકીયા ચાલુ છે. પરંતુ આમ નાગરિકોની માંગણીને ધ્યાને લઈ ફોર્મ ભરવાની મુદત પણ લંબાવામાં આવી છે. જેથી હવે આવાસ મામલે આગામી તા ૧૬ માર્ચ સુધી ફોર્મ સ્વીકારવામાં આવશે. એમ આઈ જી આવાસ યોજના કુડાસણમાં તેમજ એલ આઈ જી આવાસ યોજના રાયસણમાં તૈયાર કરવામાં આવશે. વધુમાં આ અંગે ગુડાના ચેરમેન આશિષ દવેએ જણાંવ્યુ છે કે આર્થિક રીતે નબળા વર્ગના પરિવારજનોને ધ્યાને લઈ ગુડા દ્વારા ખાસ આવાસ યોજના અંગે પણ જાહેરાત કરવામાં આવશે.

# ધોળાકુવા રામનગર વસાહતમાં ઘેરી બનતી પાણીની સમસ્યા

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગર શહેરી વિસ્તારના ગામોમાં પાણીની પોકાર હજુ પણ યથાવત છે. શહેરી વિસ્તારના ગામોમાં પાયાની સુવિધાઓના નામે મીંડુ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ધોળાકુવા ગામમાં સ્થિત રામનગર વસાહતમાં છેલ્લા એક મહીનાથી પાણી ન આવતા સ્થાનિક ગ્રામજનો મુંઝવણમાં મુકાયા છે. પાણી મેળવવા માટે માત્ર એક જ જોડાણ હોવાથી ધીમા ફોર્સથી આવતા પાણી માટે રોજ કતાર જોવા મળે છે. જયારે આદિવાડામાં પણ છેલ્લા કેટલાક સમયથી દુષિત પાણી આવતુ હોવાનો કકળાટ પ્રવર્તયો છે. પાણીના મામલે શહેરી વિસ્તારના ગ્રામજનોને પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. કેટલાક ઠેકાણે પાણી આવતુ નથી તો કેટલાક ગામમાં પાણીની ગુણવત્તા સામે પ્રશ્નાર્થ સર્જાયો છે.

શહેરી વિસ્તારના ગામોમાં ગરમી શરૂ થતા જ પાણીની પોકાર ઉઠવા પામી છે. શહેરી ગામોમાં દાયકાઓના અંતે પાણી ગટર અને રસ્તાની પાયાની સુવિધાઓનો

**આદીવાડામાં પણ દુષિત પાણી આવતા ગ્રામજનોના આરોગ્ય સામે ખતરો**

અભાવ વર્તાય છે. જયારે આ મામલે ગ્રામજનો તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરી થાકી ગયા છે. થોડા દિવસો અગાઉ બોરીજના રબારી વાસમાં પણ પાણી ન આવતુ હોવાના મામલે બેડાયુધ્ધ જેવી સ્થિતિ સર્જાઈ હતી. જયારે હાલ ધોળાકુવાની રામનગર વસાહતમાં પણ રહીશાને પાણીનુ ટીંપુ નસીબ ન થતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. આ વિસ્તારમાં માત્ર પાણીનુ એક જ જોડાણ હોવાનુ જણાંવતા રહીશો પાણી ભરવા માટ કતાર લગાવે છે. શહેરી વિસ્તારના ગામોમાં પાણીની પોકાર ડામવા માટે તંત્ર દ્વારા નવા બોર બનાવી દેવાયા છે. પરંતુ હજુ આનુસંગિક કામગીરી બાકી હોવાના લીધે પાણીના સપ્લાયની સુવિધા અપગ્રેડ થઈ નથી. પરંતુ ધોળાકુવા વિસ્તારમાં આકરી ગરમીમાં ગ્રામજનો પાણી વિના મુંઝવણમાં મુકાયા છે. જયારે બીજીતરફ આદિવાડા ગામમાં પણ દુષિત પાણી આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. આ મામલે તંત્ર દ્વારા ત્વરિત પગલા લેવાય તેવી માંગ ઉઠવા પામી છે.

# પંચાયત-કલેકટર કચેરીમાં તમાકુ વિરોધી રેડ : ૩ હજારના દંડની વસુલાત

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર જિલ્લામાં તમાકુ વિરોધી અભિયાનને સઘન બનાવવાના ભાગરૂપે આજે જિલ્લા કક્ષાની કચેરીઓમાં ઓચિંતી રેડ કરી અને આવતા મુલાકાતીઓને ચકાસીને રૂ. ૩ હજારનો દંડ વસુલ કરવામાં આવ્યો છે. ગાંધીનગર જિલ્લા કલેકટર કચેરી ખાતે આજે પ્રાંત અધિકારી રાકેશ વ્યાસ, પુરવઠા અધિકારી નિશાબેન શર્મા, ચિટનીસ ખોખરિયા અને પોલીસ કર્મીઓએ સાથે મળી કલેકટર ઓફિસનો રાઉન્ડ લીધો હતો. એટલું જ નહિ કલેકટર કચેરીની મુલાકાતે આવતા મુલાકાતીઓને ચકાસી રૂ. ૨૩૦૦ જેટલો દંડ વસુલ્યો હતો.

આજની આ ઝુંબેશમાં એક તબક્કે કચેરીની નીચે લગાવાયેલ કેમ્પ પર જિલ્લા કલેકટર સતીષ પટેલ પણ પહોંચ્યા હતા. આજે મુલાકાતીઓ અને કર્મચારીઓ સાથે દંડાયા હતા.

આજ પ્રમાણે જિલ્લા પંચાયત કચેરી ખાતે નાયબ જિલ્લા વિકાસ અધિકારી ચૌહાણના નેતૃત્વમાં અધિકારીઓની ટીમે ચકાસણી કરી હતી. તેમણે ૭૫૦ રૂ. જેટલો દંડ વસુલ્યો હતો.

એક મુલાકાતીને ટીમે રૂ. ૨૦૦નો દંડ ફટકાર્યો તો તેણે કહ્યું કે સાહેબ હવે ખીસ્સામાં ભાડાના રૂ. ૫૦ જ છે. આટલો મોટો દંડ ના હોય. જો કે આ પછી અધિકારીઓએ પણ તેની રજુઆત ગ્રાહ્ય રાખી માત્ર રૂ. ૫૦નો જ દંડ વસુલ્યો હતો.

એક જ દિવસમાં તંત્રના અધિકારીઓ દ્વારા રૂ. ત્રણ હજારનો દંડ તમાકુ વિરોધી અભિયાનમાં વસુલવામાં આવ્યો છે. આ અગાઉ રૂ. ૮૮ હજાર જેટલો દંડ જિલ્લાની ટીમો દ્વારા વસુલવામાં આવ્યો હતો.

હવે ટીમો શાળા અને તેની આસપાસના વિસ્તારોમાં આ અભિયાન હાથ ધરશે તે માટેનું પણ આયોજન કરી દેવામાં આવ્યું છે.



સાંસ્કૃતિક ધમધમાટ - સંસ્કૃતિ કુંજના વસંતોત્સવના બીજા દિવસે વિવિધ પ્રાંતોના લોકનૃત્યોની જમાવટ થઈ હતી... શહેરના સાંસ્કૃતિક પ્રિય નાગરિકો મોટી સંખ્યામાં વસંતોત્સવ માણવા ઉમટે છે... પ્રતિવર્ષ યોજાતો વસંતોત્સવ ગાંધીનગર અને આસપાસના વિસ્તારોમાં પણ લોકપ્રિય બનતો જાય છે... વસંતોત્સવમાં દર વર્ષની જેમ પરંપરાગત હેન્ડીક્રાફટની ચીજ વસ્તુઓનું પણ ધુમ વેચાણ જોવા મળી રહ્યું છે... વિવિધ પ્રાંતોની કલાકારી આ વસંતોત્સવ દરમિયાન જોવા મળી રહી છે...

# ગૃહમાં હરેન પંડ્યાની હત્યાનો મુદો ચમક્યો

## સામસામે આક્ષેપબાજીથી ગરમી જામી : પંડ્યાના સાચા હત્યારાઓ હજુ પકડાયા નથી : પુંજાભાઈ

અમદાવાદ, તા.૨૮

રાજયપાલના પ્રવચન પર વિપક્ષના સભ્ય પૂંજાભાઈ વંશે તેમના સંબોધનમાં પૂર્વ ગૃહ રાજયપ્રધાન હરેન પંડ્યાની હત્યાના મુદ્દે ભાજપ સરકાર પર આક્ષેપ કરતાં જ બંને ગૃહમાં ગરમાગરમી સર્જાઈ હતી. પૂંજાભાઈએ આક્ષેપ કર્યો હતો કે ભાજપની સરકાર આજદિન સુધી હરેન પંડ્યાના સાચા હત્યારાઓને પકડી શકી નથી અને જે લોકોને પકડ્યચા હતા તેમને હાઈકોર્ટે નિર્દોષ જાહેર કરી છોડી મુક્યા છે. પૂંજાભાઈએ વધુમાં કહ્યું કે પ્રજા જાણવા માગે છે કે હરેન પંડ્યાની હત્યા કોણે કરી નાયબ મુખ્યપ્રધાન નીતિન પટેલ ગૃહમાં પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો હતો અને સખત શબ્દોમાં વિરોધ કરતા કહ્યું હતું કે, ખોટી વાત ના કરો. કોર્ટના ચુકાદા ઉપર આવા અવલોકનો તમારે ન કરવાં જોઈએ. કાલે આઈએસઆઈના આતંકવાદીઓ પકડાયા ત્યારે પણ તમારા નેતાઓને તેમાં રાજકારણ દેખાતુ હતું. તમને માફિયાઓ અને ગુંડાઓ જ ગમે છે. ગૃહ રાજયપ્રધાન પ્રદીપસિંહે કહ્યું હતું કે, અમે કોઈને છોડ્યા નથી. આ કેસની તપાસ જે તે વખતે સીબીઆઈએ કરી હતી અને તે સમયે કેન્દ્રમાં તમારી સરકાર હતી. ગુજરાતમાં તમારા શાસન દરમિયાન શું થયું, મારે બહુ નથી કહેવુ, પણ રઉફ વલીઉલ્લાહની હત્યા તમારા શાસનમાં થઈ હતી. કોર્ટના નિર્ણય પર ગૃહમાં આવી રીતે ટીપ્પણી ન થઈ શકે. કોર્ટે તેમને છોડ્યા હતા તેમાં ગુજરાત સરકારનો કોઈ રોલ ન હતો.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com